સુવિચાર : આત્મવિશ્વાસનો અર્થ છે પોતાના કામમાં અતૂટ શ્રદ્ધા - મહાત્મા ગાંધી

**તાપમાન**
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૪૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૧૮ | ૩૦ જાન્યુઆરી, ૨૦૧૬, શનિવાર ; પોષ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિધાનસભા પ્રવેશદ્વારે આત્મવિલોપનનો પ્રયાસ

**પાટીદારોને જેલમુક્ત કરાવવા પંચમહાલ જિલ્લા પાસના આગેવાન તથા દેલોલ ગામના સરપંચે ગાંધીનગર આવીને સચિવાલયના ગેટ નં. ૧ બહાર જ શરીરે કેરોસીન છાંટી દીધું... દિવાસળી ચાંપવા જાય તે પહેલા પોલીસ પહોંચી ગઈ અને આત્મવિલોપન કરતા અટકાવી લેવાયો : સરકાર પ્રેશરમાં**

ગાંધીનગર, તા. ૨૯ પાટીદાર અનામત આંદોલન દરમ્યાન હાર્દિક પટેલ સહિત જેલવાસ ભોગવી રહેલા પાટીદારોને જેલમુક્ત કરાવવા આજે છેક પંચમહાલથી પાસનો આગેવાન તથા દેલોલ ગામના સરપંચનો હોદ્દો સંભાળી રહેલો યુવાન નિરવ પટેલ પાટનગર ગાંધીનગર આવી પહોંચ્યો હતો. પોલીસના ચુસ્ત બંદોબસ્ત અને સઘન વોચને પાર કરીને સચિવાલય ગેટ નં. ૧ સામે આવી ગયેલા નિરવ પટેલે શરીરે કેરોસીન છાંટી દીધુ અને દિવાસળી ચાંપી આત્મવિલોપન કરવા માટે ટીલ્લી સળગાવવા ગયો ત્યાં જ ગાંધીનગર પોલીસ પહોંચી ગઈ હતી અને કેરોસીન ભરેલો કેરબો અને માચીસ આંચકી લઈ આત્મવિલોપન કરતા અટકાવી નિરવ પટેલની અટકાયત કરી લેવામાં આવી હતી. જાઓ કે આ ઘટનાથી સરકાર પ્રેશરમાં આવી જવા પામી છે.

પંચમહાલ જિલ્લાના દેલોલ ગામનો સરપંચ નિરવ ગૌતમભાઈ પટેલ એ હાર્દિક પટેલના સંગઠન 'પાસ'નો પંચમહાલનો આગેવાન પણ છે. પાટીદાર અનામત આંદોલન





(તસવીર : દિપક જાની)

● અનુસંધાન પાન-૭ પર

## કોટિ કોટિ વંદન



સાબરમતી કે સંત... - સત્ય અને અહિંસાના પુજારી, ભારતની આઝાદીની લડતના સરસેનાધીપતિ અને વિશ્વમાં ભારતની ઓળખ સમા રાષ્ટ્રપિતા ગાંધીબાપુના નિર્વાણદિને શત્ શત્ પ્રણામ.....

# ટેનિસ અને ક્રિકેટમાં ભારતનો વિશ્વમાં ડંકો

**સાનિયા મિર્ઝા-માર્ટિના હિંગિસે કરેલો નવો રેકોર્ડ : વધુ એક તાજ : ઓસ્ટ્રેલિયા પર ભારતની ૨૭ રને થ્રીલર જીત :મેન ઓફ દ મેચ બનેલા વિરાટ કોહલીએ ૫૯ રન કર્યા**

મેલબોર્ન,તા. ૨૯ સાનિયા મિરઝા અને માર્ટિના હિંગિસની જોડીએ વધુ એક ઈતિહાસ સર્જીને આજે મેલબોર્ન પાર્ક ખાતે રમાઈ રહેલી ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં મહિલાઓના વર્ગમાં ડબલ્સ સ્પર્ધા જીતી લીધી હતી. માર્ટિના અને સાનિયાની જોડીએ રેકોર્ડ જીત મેળવવાનો સિલસિલો આજે પણ જારી રાખ્યો હતો અને ઓસ્ટ્રેલિયન ઓપનનો તાજ પોતાના નામે કરી લીધો હતો. સાનિયા અને હિંગીસની જોડીએ ચેકગણરાજ્યની જોડીને સીધા સેટોમાં ૭-૬, ૬-૩થી હાર આપી હતી. ફાઈનલમાં સાનિયા અને માર્ટિના હિંગિસની જોડીએ આંદ્રિયા હલાવચકોવા અને લૂસી હાર્ડેકાની જોડી ઉપર જીત મેળવી હતી. સાનિયા અને હિંગિસે મહિલા ડબલ્સમાં સતત ૩૦મી જીત મેળવી છે. ગ્રાન્ડ સ્લેમમાં પણ હેટ્રીક લગાવી છે. આ જોડીએ અગાઉ વિમ્બલ્ડન

● અનુસંધાન પાન-૭ પર

a unique combination of luxury, leisure, sports and activities
ultra luxurious apartments...@ Kudasan, Gandhinagar

A Project By :
S.R INFRACON




for detailed presentation call: tps The Property Shop 98240 21135

besides shivalay residency,
infocity - daiict road, opp. kanam-1,
kudasan, gandhinagar.